ગાંધીનગર સમાચાર
તા. ૩-૫-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

# સરબજિતનું બલિદાન એળે ન જવું જોઇએ

પંજાબના તરણતારણ પંથકના ગામડાનો એક ગરીબ ખેતમજૂર શરાબના નશામાં ભૂલથી બે ડગલાં આગળ નીકળી ગયો અને પાક રેન્જરોના હાથમાં ઝડપાઈ ગયો હશે ત્યારે એને સ્વપ્ને પણ કલ્પના નહીં હોય કે એ ભૂલ એના માટે ફાંસીની સજામાં ફેરવાઈ જશે. સરબજીત નિર્દોષ હોવાની રજૂઆત ભારતીય સત્તાધારીઓથી લઈ પાક પ્રમુખ આસિફ અલી ઝરદારી સુધીના મહાનુભાવો સુધી પહોંચાડવામાં એની ઝુઝારુ બહેન દલબીર કૌરે કોઈ કસર છોડી નહોતી. પાકિસ્તાનના માનવાધિકારવાદી નાગરિકોએ પણ સરબજીતસિંહને છોડી મૂકવા વારંવાર રજૂઆત કરી હતી. પરંતુ પાકિસ્તાનની અદાલતો પણ પાકિસ્તાની માનસિકતા ધરાવે છે. સરબજીત વિરુદ્ધ બૉમ્બબ્લાસ્ટમાં સંડોવાયો હોવાનો ખોટો આરોપ ઘડી કાઢવામાં આવ્યો હતો અને ખોટા સાક્ષીઓએ એની વિરુદ્ધમાં જુબાની આપીને એને ફાંસીની સજા ફરમાવવાનો માર્ગ મોકળો નિર્દોષ ભારતીય નાગરિકે પાકિસ્તાનના રાક્ષસી પંજામાંથી છૂટવા છેલ્લી ઘડી સુધી હવાતિયાં માર્યાં, પણ એની બદકિસ્મતીએ એને પાકિસ્તાનમાં જ છેલ્લા શ્વાસ લેવા મજબૂર કરી દીધો. કોટ લખપતની જેલમાં એના પર આયોજન પૂર્વક જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ભારતમાં સંસદભવન પર હુમલાનું કાવતરું રચનારા આતંકવાદી અફઝલ ગુરુને ફાંસી અપાઈ એના પ્રત્યાઘાત રૂપે આ નિર્દોષ કેદીનો જીવ લેવાયો તે પાકિસ્તાન સરકાર માટે તો કાયતાપૂર્ણ કાળી ટીલી છે જ, પરંતુ પોતાના નાગરિકોને નહીં બચાવી શકનાર ભારત સરકારના શિરે પણ એ ઘટનાનું લાંછત કાયમને માટે લાગી ગયું છે. ભારત સરકારે પ્રયત્નો કરવામાં કશું બાકી ભલે ન રાખ્યું હોય પરંતુ પાડોશી દેશે એની કોઈ વાત કયારેય ગણકારી નથી. સરબજિતને છોડાવી લાવવા તમામ પ્રકારના માનવીય અને રાજદ્વારી નુસખા અજમાવ્યા પછી પણ ભારત સરકારને સરિયામ નિષ્ફળતા જ સાંપડી છે. પાક સરકારને જુઠ્ઠાણાં ચલાવવાની જૂની આદત છે. એની રજૂઆત મુજબ તો, ઊલટાનું ભારતના ન્યાયમૂર્તિઓનું પ્રતિનિધિ મંડળ પાકિસ્તાનની સૌજન્ય મુલાકાત લેવા આવશે ત્યારે મને છોડાવીને સાથે લઈ જશે- એ મતલબનું આશાવાદી વિધાન જ એ ગરીબડા પંજાબી ખેતમજૂરને મોંઘું પડી ગયું. એની જ જેલમાં સજા ભોગવતા પાક કેદીએ આ વાત સાંભળી લીધી અને સરબજીતના માથે તોળાતા મોતની ઊલટી ગણતરી ચાલુ થઈ ગઈ. અફઝલ ગુરુની ફાંસીનો બદલો લેવાનો કારસો રચાયો. સરબજીત પર રીતસરનો આયોજિત હુમલો કરી એનું માથું ફોડી નાખ્યું. જેલ રક્ષકો આખી ઘટના ચૂપચાપ જોતા રહ્યા, એ જ દર્શાવે છે કે આખું કાવતરું પાક પોલીસ અને કેદીઓ દ્વારા સરકારની રહેમનજર હેઠળ સિફતપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. સરબજિતનું મગજ એ હદે છૂંટી નાખવામાં આવ્યું હતું કે ડૉકટરોએ સરબજીતને તે જ સમયે બ્રેઈનડેડ જાહેર કરી દીધો હોત, પરંતુ પાક સરકારે એનું અને આઈએસઆઈનું સહિયારું પાપ છાવરવા માટે આખો દોષનો ટોપલો કેદીઓ પર ઢોળી દીધા પછી પણ સરબજીતને 'શ્રેષ્ઠ સારવાર' આપવાનું નાટક ચાલુ કર્યું અને આખરે એનાં પરિજનોને પણ તાબડતોબ વિઝા આપી તેડાવી લીધાં. પાકિસ્તાન જેવો દંભી, જૂઠ્ઠો અને ક્રૂર મુલક આખી દુનિયામાં દીવો લઈને શોધવા છતાં જડે કે કેમ તે પ્રશ્ન છે. એના જન્કાળથી જ એ હિંદુસ્તાનને એનો 'દુશ્મન નંબર વન' ગણે છે. કમનસીબે અત્યાર સુધીની આપણી તમામ સરકારો એને આવા હલકટ વર્તન બદલ બોધપાઠ આપવામાં ઊણી ઊતરી છે.

# પર્યાવરણ સંસ્થા દ્વારા ધ અર્થ અન્ડર થ્રેટ-૨૦૧૩નું ૫મીએ આયોજન

ગાંધીનગર, તા. ૨ કલોલ તાલુકાની વડસ્મા કોલેજ ખાતે આવતીકાલે તા. ૫મી મે-૨૦૧૩ને રવિવારે બપોરે ૧૨.૩૦ કલાકે પર્યાવરણ સંસ્થા દ્વારા ધ અર્થ અન્ડર થ્રેટ-૨૦૧૩ના કાર્યક્રમનું સુંદર આયોજન બપોરે ૧૨.૩૦ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન કરવામાં આવ્યું છે.

સમગ્ર ગુજરાતમાંથી આ પર્યાવરણલક્ષી કાર્યક્રમમાં પર્યાવરણ પ્રેમીઓ મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના નાણામંત્રી નીતિનભાઈ પટેલ, કલોલ બાટા ગૃપના અંકુરભાઈ પટેલ, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટી.વી. શ્રેણીના ડાયરેક્ટર અને પ્રોડ્યુસર અસીતકુમાર મોદી, સીઈઈના ડાયરેક્ટર કાર્તિકેય સારાભાઈ, ગોતરકા આશ્રમના નેજાનંદ મહારાજ અને નિસર્ગ ફાઉન્ડેશનના એમ.ડી. અનિલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે.



બેતાલીસ ડીગ્રી થઈ ગયું છે... કાલથી બધા એ.સી. ફુલ કરી નાખજે... આપણે ક્યાં બીજાની જેમ લાઈટ બીલ ભરવા જવું છે.

# ગાંધીનગરની શાળાઓના પરિણામ

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય

| | | |
|---|---|---|
| ધોરણ-૧ (અ) | | |
| ૧. | શ્રુતિ જે. પટેલ | ૯૮.૧૭% |
| ૨. | ક્રિશ્ના જે. ચૌધરી | ૯૬% |
| ૨. | શ્રીજા એમ. ચૌધરી | ૯૬% |
| ૩. | દેવરાજ એ. ઠાકોર | ૯૫.૩૩% |
| ધોરણ-૧ (બ) | | |
| ૧. | પ્રિન્સીકુંવરબા ચાવડા | ૯૯% |
| ૨. | તીર્થ પરમાર | ૯૮.૮૩% |
| ૩. | પ્રાંજલબેન નાયક | ૯૫.૬૭% |
| ધોરણ-૧ (ક) | | |
| ૧. | સ્મિતકુમાર પટેલ | ૯૮.૩૩% |
| ૨. | આનલ મકવાણા | ૯૬% |
| ૩. | ઋત્વા ચૌધરી | ૯૫.૮૩% |
| ધોરણ-૨ (અ) | | |
| ૧. | હર્ષભાઈ કટારા | ૯૮.૮૩% |
| ૨. | નંદિની પોરબંદરી | ૯૫.૬૭% |
| ૨. | દિપેશભાઈ સાકરીયા | ૯૫.૬૭% |
| ૩. | સમર્પણ ગોહિલ | ૯૫% |
| ધોરણ-૨ (બ) | | |
| ૧. | પ્રિયાંશીકુમારી પટેલ | ૯૮.૭૦% |
| ૨. | દર્શન ચૌહાણ | ૯૭.૯૬% |
| ૩. | શ્રૃતિ પટેલ | ૯૭.૦૪ % |
| ધોરણ-૨ (ક) | | |
| ૧. | પ્રિયાંશું પનારા | ૯૬.૩૩% |
| ૨. | કશ્યપ પટણી | ૯૫.૩૩% |
| ૩. | રૂતિકા મહાલે | ૯૪.૫૦% |
| ધોરણ-૩-અ | | |
| ૧. | વાણી જોશી | ૯૦.૬૩% |
| ૨. | જૈમિન શ્રીમાળી | ૯૦.૨૫% |
| ૩. | મેશ્વાબા ઝાલા | ૮૭.૫૦% |
| ધોરણ-૩-બ | | |
| ૧. | કરણ સોલંકી | ૯૮.૭૫% |
| ૨. | આશ્વી ચૌધરી | ૯૭.૧૩% |
| ૩. | ખુશી દિવાન | ૯૪.૩૮% |
| ધોરણ-૪-અ | | |
| ૧. | ઉન્નતિ જયસ્વાલ | ૯૬.૩૦% |
| ૨. | મહાવીરસિંહ પરમાર | ૯૫.૭૦% |
| ૩. | સાલેહા શેખ | ૯૩.૪૦% |
| ધોરણ-૪-બ | | |
| ૧. | શ્રેયા રાવલ | ૯૦.૨૦% |
| ૨. | જયંત વાઘેલા | ૯૦.૧૦% |
| ૩. | ભકિત પંડયા | ૮૯.૫૦% |
| ધોરણ-૫-અ | | |
| ૧. | પ્રિયાંશુ ઠાકર | ૯૪.૧૭% |
| ૨. | બરખા પરમાર | ૯૪.૦૦% |
| ૩. | મેઘા પારેખ | ૯૩.૫૦% |
| ધોરણ-૫-બ | | |
| ૧. | અદિતી ભાવસાર | ૯૨.૩૩% |
| ૨. | ડિમ્પલ વાળા | ૯૧.૩૦% |
| ૩. | શિવાની ચૌધરી | ૯૦.૫૦% |
| ધોરણ-૬-અ | | |
| ૧. | હેતવી પ્રજાપતિ | ૯૪.૬૪% |
| ૨. | નિલય મહેરિયા | ૯૨.૫૭% |
| ૩. | રાજર્ષિ પનારા | ૯૦.૫૭% |
| ધોરણ-૬-બ | | |
| ૧. | હિમાની નાડોદા | ૯૪.૪૩% |
| ૨. | ભકિત પંડયા | ૯૩.૨૯% |
| ૩. | વૈશાલી રાવલ | ૯૩% |
| ધોરણ-૭-અ | | |
| ૧. | હર્ષ પટેલ | ૯૭.૨૧% |
| ૨. | નીયતિ પટેલ | ૯૫.૨૮% |
| ૩. | શિવાની ચૌધરી | ૯૦.૭૮% |
| ધોરણ-૭-બ | | |
| ૧. | નિધિ પટેલ | ૯૩.૩૬% |
| ૨. | કિશન પ્રજાપતિ | ૯૨.૭૯% |
| ૩. | રિદ્ધિબેન પટેલ | ૯૧.૮૬% |
| ધોરણ-૭-ક | | |
| ૧. | શ્રેયાકુમારી ચૌધરી | ૯૭.૨૧% |
| ૨. | ધ્વનિ પટેલ | ૯૨.૪૩% |
| ૩. | શ્રદ્ધાબેન ચૌધરી | ૮૮.૭૧% |
| ધોરણ-૮-અ | | |
| ૧. | નિધિબેન પટણી | ૯૧.૩૬% |
| ૨. | એંજલ પરમાર | ૯૧.૧૪% |
| ૩. | તીર્થ શાહ | ૯૦.૭૧% |
| ધોરણ-૮-બ | | |
| ૧. | ભૂમિ ચૌધરી | ૯૫.૨૪% |
| ૨. | દિશાંગ ભાવસાર | ૯૫% |
| ૩. | નિલય ચૌહાણ | ૯૦.૪૦% |
| ધોરણ-૮-ક | | |
| ૧. | કોમલ દોશી | ૯૫.૨૯% |
| ૨. | ધરતી રાવલ | ૯૧.૬૪% |
| ૩. | વિધિ પરમાર | ૯૦.૭૧% |

## વહાણવટી વિદ્યાલય

| | | |
|---|---|---|
| જુ.કે.જી. | | |
| ૧. | મકવાણા અંજલી | ૮૬% |
| ૨. | પટણી નિધિ | ૮૨.૬૬% |
| ૩. | ચાવડા સુકુન | ૮૦.૬૬% |
| સિ.કે.જી. | | |
| ૧. | મીણા જીગીશા | ૮૫.૩૩% |
| ૨. | સેનમા પ્રિયા | ૭૯.૩૩% |
| ૩. | ઝાલા અપેક્ષાબા | ૭૯.૩૩% |
| ધોરણ-૧ | | |
| ૧. | રવાની ડિમ્પલકુમારી | ૯૫.૨૫% |
| ૨. | મોરી અનુરાગ | ૮૯.૨૫% |
| ૩. | મકવાણા કિંજલ | ૮૯% |
| ધોરણ-૨ | | |
| ૧.લઉવા આદિત્ય | | ૯૫.૨૫% |
| ૨. | નંદાસણીયા જામિયા | ૯૩.૨૫% |
| ૩. | બરંડા તીર્થ | ૮૫% |
| ધોરણ-૩ | | |
| ૧. | લેઉવા મેઘા | ૮૨.૩૭% |
| ૨. | તડવી અંતિકા | ૮૦.૭૫% |
| ૩. | ચૌહાણ ક્રિષ્ના | ૭૮.૫૦% |
| ધોરણ-૪ | | |
| ૧. | રવાની સંધ્યા | ૮૭.૯% |
| ૨. | મકવાણા કુલદિપસિંહ | ૮૭.૩% |
| ૩. | દંતાણી ધારા | ૮૭.૩% |
| ધોરણ-૫ | | |
| ૧. | મીત રાજવંશી | ૯૦.૭૨% |
| ૨. | મિત્તલ આગજા | ૮૨.૮૩% |
| ૩. | હેત્વી પટેલ | ૮૧.૭૨% |
| ધોરણ-૬ | | |
| ૧. | ડિમ્પલ રાઠોડ | ૮૬.૩૫% |
| ૨. | હર્ષિલ પટેલ | ૮૩.૨૦% |
| ૩. | નિખિલ વડાદરા | ૮૨.૧૦% |
| ધોરણ-૭ | | |
| ૧. | કેવીન ઠાકોર | ૮૫.૩૫% |
| ૨. | નરેશ ગામેતી | ૮૫.૪૫% |
| ૩. | હિરલ ચૌહાણ | ૮૩.૮૫% |
| ધોરણ-૮ | | |
| ૧. | નિકુલ મકવાણા | ૭૯.૮૧% |
| ૨. | રાહુલ પારેખ | ૭૯% |
| ૩. | ધવલ મેસરીયા | ૭૮.૫૦% |
| ધોરણ-૯ | | |
| ૧. | અંકિતકુમાર લેઉવા | ૮૬% |
| ૨. | મયૂરી સોલંકી | ૭૯.૮૬% |
| ૩. | ભાવિનકુમાર આગજા | ૭૧.૭૧% |

## જય પ્રકાશ વિદ્યાલય, સે-૨૬

| | | |
|---|---|---|
| જુ.કે.જી. | | |
| ૧. | ચૌધરી અવની | ૯૨.૪% |
| ૨. | સોલંકી વિશ્વા | ૮૮.૪% |
| ૩. | ચૌધરી ધ્રુવ | ૮૭.૪% |
| સિ.કે.જી. | | |
| ૧. | પટેલ તન્વી | ૯૫.૬% |
| ૨. | ખત્રી ભકિત | ૯૩.૮% |
| ૩. | ચૌધરી જયશ્રી | ૯૨.૪% |
| ધોરણ-૧ | | |
| ૧. | કુંભાર રફીક | ૯૮% |
| ૨. | ખરાત માનસી | ૯૭.૩૩% |
| ૩. | પ્રજાપતિ હેત | ૯૭% |
| ધોરણ-૨ | | |
| ૧. | શાહ જીનલ | ૯૯.૩૩% |
| ૧. | રામી હર્ષ | ૯૯.૩૩% |
| ૨. | ધોબી નિરાલી | ૯૮% |
| ૨. | પટેલ કેતુલ | ૯૮% |
| ૩. | પટેલ જૈવિન | ૯૭.૩૩% |
| ધોરણ-૩ | | |
| ૧. | ચૌધરી હાર્મી | ૯૯% |
| ૨. | પ્રજાપતિ દિપ્પન | ૯૮.૫% |
| ૩. | પરમાર ધવલ | ૯૮% |
| ધોરણ-૪ | | |
| ૧. | રબારી વિશાલ | ૯૮.૪% |
| ૨. | ઠાકોર લવસિંહ | ૯૭.૬% |
| ૩. | સોલંકી સુમન | ૯૭% |
| ધોરણ-૫ | | |
| ૧. | વાળા રિધ્ધિ | ૯૩.૩૩% |
| ૨. | રબારી સોનલ | ૯૧.૬૬% |
| ૩. | યાદવ વિવેક | ૯૧.૧૬% |
| ધોરણ-૬ | | |
| ૧. | ચૌધરી વિપુલ | ૯૪% |
| ૨. | શાહ મયંક | ૯૦.૭૧% |
| ૩. | રબારી જયોતિ | ૮૬.૫૭% |
| ધોરણ-૭ | | |
| ૧. | અમીન રાજ | ૯૩.૨૮% |
| ૨. | ચૌધરી ભાવિન | ૯૨.૭૧% |
| ૩. | બિહોલા ઉર્વશી | ૮૯.૭૧% |
| ધોરણ-૮ | | |
| ૧. | હડિયા સૌરભ | ૯૩.૫૭% |
| ૨. | પટેલ અંજલિ | ૯૩.૪૨% |
| ૩. | ગોસ્વામી પ્રિયંકા | ૮૯.૨૮% |
| ધોરણ-૯ | | |
| ૧. | દરજી ધર્મિષ્ઠા | ૮૮% |
| ૨. | દરજી જૈમિન | ૮૪% |
| ૩. | સુથાર ધારા | ૭૯.૭૧% |



# આકાશવાણી અને દુરદર્શનની નાટ્ય કલાકારની પેનલ પર ૧૯૮૮થી સુરેશભાઇ સેવાઓ આપે છે

## કેફિયત કલા સાધનાની

આશા સરવૈયા

નાટક નામ સાંભળતા જ આપણી નજર સમક્ષ રંગભૂમિ, પડદા, લાઈટ, માઈક, વેશભૂષા, મેકઅપ, ભવ્ય સીનસીનેરી, જોરદાર સંવાદો વિ. ખડા થાય. પણ બાળ નાટકોની વાતો તો કાંઈ અનોખી જ છે. જયંત શુકલ કહે છે કે, 'બાળ નાટકો એટલે ભણ્યા વગરનું ભણતર' નાટકો દ્વારા જ બાળકોનો સ્વયં વિકાસ થાય છે. નાટક દ્વારા સાહિત્ય, સંગીત, નૃત્ય અને અભિનય જેવી અનેક કલાઓને એકી સાથે બાળકો પરિચય મેળવી શકે છે.

ગાંધીનગરમાં બાળ નાટકોની બાળ કલાકાર તરીકે નાટ્યક્ષેત્રે પ્રવેશ કરીને નાટ્ય જગતમાં અને કલા જગતમાં જેમણે ચોકકસ સ્થાન બનાવ્યું છે તેવા કલાકાર સુરેશ પારઘીનો પરિચય આજે મેળવીએ.

૧૯૬૦માં દેવજીભાઇ - બાલુબાના ઘરે પુત્ર જન્મ થયો. (જન્મ સ્થળ અને વતન - સાતપડા, તા.પાલિતાણા, જિ.ભાવનગર) પિતાજીની સરકારી નોકરીના કારણે ૧૯૭૧થી જ ગાંધીનગર ખાતે આવી વસ્યા. સે. ૨ ૩માં ચાલતી બાલકન-જી-બારીમાં જોડાયા. સુરેસને નાપણથી જ સંગીત, અભિનય, સાહિત્યમાં ઊંડા રસ-રૂચિને કારણે બાલકન-જી-બારીની પ્રવૃત્તિઓમાં સક્રીય બન્યા. ૧૧ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે યોજાયેલ રાજયકક્ષાની એક પાત્રીય અભિન્ય સ્પર્ધામાં પ્રથમવાર 'નરસૈયા'ની ભૂમિકા ભજવીને પ્રથમ સ્તાન પ્રાપ્ત કરીને પોતાના અભિનયની લોકોનાં મન મોહી લીધા હતા. ગાયન સ્પર્ધામાં પણ પ્રથમ ઈનામ મેળવીને સંગીત અને અભિનય ક્ષેત્રે સુરેશની શુભ શરૂઆત થઈ.

સુરેશભાઈએ શાળાભ્યાસ સેંટ ઝેવિયર્સ સ્કૂલમાં કર્યો. પાઠ્ય પુસ્તકમાં આવતી કવિતાઓ, ગીતો વિ. તે સમયના ગુજરાતી - હિન્દીના શિક્ષકો ઉષાબેન પુરોહિત, શૈલેષભાઈ પંડ્યા, કુંદનબેન દવે ભણાવે ત્યારે જુદા જુદાં વર્ગોમાં સુરેશ પાસે પ્રથમ ગવડાવે અને પછી જ તેને વિગતે સમજાવે. શિવાજીનું હાલરડું, આંધળી મા નો કાગળ, પેલા પેલા જુગમાં પાણી... વિ. સુરેશ ભાઈનાં હલકભર્યાં મધુરા કંઠે ગવાય ત્યારે વર્ગોમાં ગીત સંગીતમય વાતાવરણ સર્જાતું. શાળામાં 'એ મેરે પ્યારે વતન' અને યારી હૈ ઈમાન મેરા યાર...' બંને ગીતો સુરેશભાઈની ઓળખ બની રહ્યાં હતા. શાળામાં કોઈ પણ ઉજવણી હોય, ખૂબ પ્રેમાળ એવા કુંદન ટીચર આ ગીતો સુરેશ પાસે ગવડાવે જ! ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે (૨૦૧૨) 'મેરે હૃદય કે સચ્ચે મોતી' પુસ્તિકાના વિમોચન પ્રસગે ૧૯૭૦-૯૦ની બેચના શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ ના મેળાવડામાં પણ યારી હૈ ઈમાન મેરા... સુરેશભાઈએ દિલથી ગાયું અને યારોએ હરખથી વધાવ્યું!

સંગીતની રસરૂચિને ધ્યાને લઈને સુરેશભાઈએ શાસ્ત્રી સંગીતની પ્રાથમિક તાલીમ પણ મેળવી. હાર્મોનિયમ એ કી-બોર્ડ પિતાજીએ સુરેશને ભેટ કર્યું ત્યારે ઉત્સાહ અનેક ગણો વધી ગયો વધી ગયો હતો અને માતા-પિતાના આશિષથી સાંસ્કૃતિક સફર આગળ વધી.

સુરેશભાઈનો કૉલેજ અભ્યાસ ગાંધીનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં પ્રો. એમ.વી. પરમાર સાહેબના નેતૃત્વમાં અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. દર વર્ષે યોજાયા વાર્ષિકોત્સવમાં નાટકમાં સુરેશભાઇ 'શ્રેષ્ઠ અભિનેતા'નું પારિતોષિક મેળવી જતા! ૧૯૮૦માં ગુજરાત યુનિવર્સિટી આંતર કૉલેજ નાટ્ય સ્પર્ધામાં ગાંધીનગરની કૉલેજનો નાટકમાં પ્રથમ વિજેતા અને સુરેશભાઈને 'શ્રેષ્ઠ અભિનેતા' નું પ્રથમ ઈનામ પણ પ્રાપ્ત થયેલ. આમ સુરેશભાઈને એ ગાંધીનગરને ગૌરવ પ્રાપ્ત કરાવવામાં અમૂલ્ય ફાળો આવ્યો.

સુરેશભાઈની નાટ્ય સફર આગળ ચાલી. ૧૯૮૨માં તેઓ સરકારી નોકરીમાં જોડાયા અને ત્યાં પણ નોકરીની સાથે સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું ફલક પણ વિસ્તર્યું. ૧૯૮૨ થી ૧૯૯૨ 'કલબ ઑફ યુ' સંસ્થામાં મુકેદ વેદ સાથે સેક્રેટરી તરીકે ફરજો બજાવી અનેક મિત્રોને આ પ્રવૃત્તિમાં જોડ્યા અને સંખ્યાબંધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરી. ૧૯૮૫માં યુવાવર્ગ નિમિત્તે અખિલ ગુજરાત એકાંકી નાટ્ય સ્પર્ધામાં 'કલબ ઓફ યુ' સંસ્થા તરફથી પ્રતિનિધિત્વ કરી રાજય કક્ષાએ 'શ્રેષ્ઠ અભિનેતા'નું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કરી સફળતા મેળવી હતી. આ ઉપરાંત યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ દ્વારા યોજાતા યુવક મહોત્સવમાં સુગમ સંગીત, નાટકો અને એકપાત્રીય અભિનયમાં જિલ્લા, પ્રાદેશિક તેમજ રાજય કક્ષાએ અનેક વાર પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.



સંગીત પ્રત્યેના આકંઠ પ્રેમને કારણએ સુરેશભાઈએ ૧૯૮૫ થી ૧૯૮૭ જાણીતા સરકાર - ગાયક મુનીકુમાર દેસાઈ અને વિખ્યાત સંગીતકાર ગૌરાંગ વ્યાસ પાસે સુગમ સંગીતની અને ત્રિકમભાઈ તપોધન પાસેથી તબલાંની પણ તાલીમ મેળવી. નાટ્યક્ષેત્રે પણ ૧૯૮૫ અને ૧૯૮૭માં માર્કન્ડ ભટ્ટ, વિજય દત્ત, સુરેશ રાજડા જેવા નાટ્યક્ષેત્રનાં માંધાતાઓની શિબીરમાં અભિનય અને દિગ્દર્શનની તાલીમ મેળવેલ, જેમાં સુરેશભાઈ સાથે જાણીતા કલાકારો અર્ચન ત્રિવેદી, કાજલ ઓઝા વૈદ્ય, વંદના પાઠક વિ. સહતાલીમાર્થી તરીકે જોડાયા હતા.

બહુમુખી પ્રતિભા ધરાવતાં સુરેશભાઈ એ અભિનય સાથે દિગ્દર્શનમાં પણ કાઠું કાઢ્યું. ૧૯૮૭થી ૧૯૯૧ દરમિયાન બાળકો માટે 'ફોરમ' સંસ્થા સ્થાયી અને ઈન્દુબેન નિમાવત સાથે અનેક બાળનાટકો, નૃત્ય નાટિકાઓનું દિગ્દર્શન કર્યું. જેમાં પ્રકાશલાલા લિખીત 'કશો નાંધો નહીં,' ચાલો ઘર ઘર રમીએ, રામો અને રૂપા, ઝંડા ઉંચા રહે હમારા વિ. મુખ્ય હતા. આ બાળ નાટકોએ રાજયકક્ષાએ સ્થાન મેળવ્યું અને 'શ્રેષ્ઠ દિગ્દર્શન' નો ખિતાબ સુરેશભાઈએ મેળવીને પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

પછી તો સુરેશભાઈની સાંસ્કૃતિક સફર ઉડાન ભરવા લાગી. ગુજરાત સરકારના સા.વ. વિભાગ આયોજિત રાજયકક્ષાની ત્રિઅંકી નાટ્યસ્પર્ધામાં પ્રકાશ લાલા, મુકેશ વેદ, હરેશ ભટ્ટ, ગીતાબેન મહેતા, ધીરજ સોલંકી, હરીશ ભાવસાર જેવા સિનિયર કલાકારો સાથે અનેકવાર ભાગ લીધો હતો. રાજયકક્ષાએ વિજાતે થઈને રાષ્ટ્ર કક્ષાએ ૧૯૯૬માં કર્ણાટક ખાતે નાટક સપનાના વાવેતર અને ૧૯૯૮માં નાગપુર ખાતે 'કફન' નાટકમાં 'શ્રેષ્ઠ અભિનેતા' તરીકે અને ૨૦૦૬માં મહારાષ્ટ્રમાં રજૂ કરેલ 'કથા એક કારાગારની' માં દિગ્દર્શકનું ઈનામ તેમજ આ વિવિધ સિદ્ધિઓ મેળવીને સુરેશભાઈએ ગાંધીનગર તેમજ ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. ખૂબ ખૂબ અભિનંદન!

નાટકો ઉપરાંત સુરેશભાઈએ ત્રણ ટી.વી. સિરીયલ અને ત્રણ ડોક્યુમેન્ટરી ફિલ્મોમાં પણ અભિનયના અજવાળા પાથર્યા છે. ૨૦૦૨ માં ગિરીશ ઉપાધ્યાય દિગ્દર્શિત 'સંત શિરોમણી રોહિદાસ' નાટક ટેલિફિલ્મમાં સંત રોહિદાસજીની પ્રમુખ અને શિર્ષક ભૂમિકા ભજવીને અભૂતપૂર્વ ચાહના અને પ્રશંસા પ્રાપ્ત કરી હતી.

ગાંધીનગરની લગભગ તમામ સંસ્થાઓ - શિવરંજની, કલ્ચરલ ફોરમ, રોટરી કલબ, જેસીજ, સિનિયર સિટીઝન કાઉન્સિલ, અરવિંદ કેન્દ્ર, અક્ષરધામ, શાળા-કૉલેજો, સામાજિક સંસ્થાઓ, અનેક વિધ જ્ઞાતિ મંડળો વિ. માં અનેક સંગીતના કાર્યક્મો સુરેશભાઈએ પેશ કર્યા



છે અને ગાંધીનગરના તમામ જાણીતા ગાયકો સાથે એક મંચ પરથી કાર્યક્રમો રજૂ કરવાનું શ્રેય મેળવ્યું છે, તો ઉદ્ઘોષક તરીકે પણ અનેક કાર્યક્મોનું સફળતાપૂર્વક સંચાલન કર્યું છે.

મેઘધનુષી પ્રતિભા ધરાવતા સુરેશભાઈના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અમૂલ્ય યોગદાન બદલ ગાંધીનગર જેસીઝ દ્વારા ૧૯૯૭માં તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

૨૦૦૯માં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા યુવા અને પ્રતિભાશાળી દિગ્દર્શક તરીકે પસંદગી પામીને સુરેશભાઈએ રમેશ પારેખ લિખીત નાટક 'સૂરજને પડછાયો હોય'નું દિગ્દર્શન અને અભિનય કરીને પોતાની પ્રતિભાનો સુપેરે પરિચય આપી દીધો હતો. ગાંધીનગરના જ કલાકારો શીરીષ આચાર્ય, કુતંલ નિમાવત, નરેશ દવે, રાજેશ રાવલ, પ્રવિણદાન ગઢવી, ઉપરાંત પ્રીતિ મહેતા, કિન્નરી દવે, મનીષા ઉપાધ્યાય, સ્તુતિ જોષી અને આશા સરવૈયા સહિત એક સાથે પાંચ જેટલી નવોદિત અભિનેતીઓને પ્રથમવાર નાટ્યમંચ પર લાવીને આ નાટકના ગુજરાતભરમાં સફળતાપૂર્વક અનેક શૉ રજૂ કર્યા.

આકાશવાણી અને દુરદર્શનની નાટ્ય કલાકારની પેનલ પર ૧૯૮૮થી સુરેશભાઈ સેવાઓ આપે છે.

ગાંધીનગરમાં યોજાતી સ્પર્ધાઓનાં નાટક, સંગીત, માઈક, એક પાત્રીય અભિનય, ફોક ડાન્સ વિ. માં નિર્ણાયક તરીકે તેમજ પ્રાદેશિક અને રાજય કક્ષાએ યોજાતી ઉપરોક્ત સ્પર્ધામાં તજજ્ઞ અને નિર્ણાયકની અગત્યની ભૂમિકા સુરેશભાઈ ભજવે છે. ૨૦૧૦ માં ગાંધીનગર કલ્ચરણ ફૉરમ નિર્મિત નૃત્ય નાટિકા 'જય જય ગરવી ગુજરાત' તાનસેન અને કવિ નર્મદની બે ભૂમિકા ભજવીને ઉત્તમ અકાદારનો પરિચય આપ્યો હતો.

સુરેશભાઈની સાંસ્કૃતિક યાત્રા સફળતાપૂર્વક આગળ ધપાવવામાં પત્ની સ્નેહાબેનનો સિંહફાળો રહ્યો છે. પુત્રી ધારા અને પુત્ર કુલદિપ પણ પિતાના શોખને ગૌરવભેર માણી રહ્યો છે. તેમના મિત્રો - મહેન્દ્ર ભાવસાર, કિરીટ અરાવત, હરેશ ભટ્ટ, મુકેશ વેદ, અરવિંદ ક્રિશ્ચિયન, સ્વ. નટુભાઈ ચૌધરી, મુકેશ મહેતાનો અમૂલ્ય ફાળો રહ્યો છે.

ગાંધીનગરના આપણા કલાકાર સુરેશ પારધી ને ઢગલાબંધ શુભેચ્છાઓ....